| | |
|---|---|
| દાખલ તારીખ : | ૧૮/૦૩/૨૦૨૩ |
| નોંધ્યા તારીખ : | ૧૮/૦૩/૨૦૨૩ |
| જાહેર કર્યાતારીખ : | ૧૧/૦૫/૨૦૨૬ |
| સમયગાળો : | ૦૩વર્ષ–૦૧માસ–૨૩દિવસ |
| | |

**અંકલેશ્વરના મે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મું.અંકલેશ્વર.**

**<u>ફોજદારી કેસ નંબર : ૧૨૫૧/૨૦૨૩</u>**
આંક :–

**<u>ફરીયાદી</u> :–** શ્રી સરકાર...

**–:: <u>વિરૂધ્ધ</u> ::–**

**<u>આરોપી</u> :–** **(૧) જુબેર રિયાઝ હુશેન કુરેશી**
રહે.ભઠીયારવાડ, કુંઝરી ગલી, ઈમામશાબ મસ્જીદ પાસે,
તા.જી.ભરૂચ

**(૨) તોસીફ અલ્તાફ હુશેન કુરેશી**
રહે.એ–૩, શીવગંગા એપાર્ટમેન્ટ, આર્દશ સ્કુલ સામે,
તા.અંકલેશ્વર, જી.ભરૂચ

**(૩) હાવલાભાઈ શંકરભાઈ વસાવા**
રહે.નેવડી આંબા, પીપળી ફળીયુ, તા.સાગબારા, જી.નર્મદા.

**<u>ગુનો</u> :– <u>પ્રોહિબીશન એકટની કલમ–૬૫ (એ)(ઈ), ૯૮(૨), ૮૧ મુજબ</u>**

| |
|---|
| ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.એચ.કે.બ્રહમભટ |
| આરોપી તરફે વિ.વ.શ્રી.એલ.જી.શેખ |

## જજમેન્ટ

**(૧)** આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ મોજે અંકલેશ્વર શહેર, ભાટવાડ પાસે આવેલ શિવ ગંગા એપાર્ટમેન્ટના પાર્કીંગમાં પોતાના કબજામાંની ઈકકો ફોરવ્હીલ ગાડી નં.**GJ-19-AM-8073** માં ગેરકાયદેસર પાસ પરમીટનો ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની સિગ્રામ્સ ઈમ્પરીયલ બ્લ્યુ સુપરી ઓર વ્હીસ્કી ૧૮૦ મીલીની કાચની કુલ બોટલ નંગ.૧૬૦ જેની કુલ કિં.રૂ.૧૬,૦૦૦/- નો પ્રોહી મુદામાલ તથા ઈકકો ફોરવ્હીલ ગાડી નં.**GJ-19-AM-8073** કિં.રૂ.૩,૦૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ.૦૨ કિં.રૂ.૧૨,૦૦૦/અ મળી કુલ કિં.રૂ.૩,૨૮,૦૦૦/- નો મુદામાલ સાથે પકડાઈ જઈ તથા તોસીફ કુરેશી રહે.શીવગંગા એપાર્ટમેન્ટ, અંકલેશ્વર શહેર ભરૂચ પુરુ નામ સરનામુ જણાઈ આવેલ નથી તથા ઈકકો ફોરવ્હીલ ગાડી નં.**GJ-19-AM-8073** નો ચાલક જેનુ નામઠામ જણાઈ આવેલ નથી. નાઓ રેઈડ દરમ્યાન નાસી જઈ એકબીજાની મદદગારી કરી પ્રોહી.એકટ કલમ- ૬૫ (એ)(ઈ), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો કર્યો, તે મુજબનું તહોમતનામું અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

**(૨)** ત્યારબાદ આરોપીઓને સદર કામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપીઓ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીઓ સામે આંક-**૪** થી તહોમતનામું ફરમાવી અનુક્રમે આંક-**૫** સુધી આરોપીઓનો જવાબ નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરૂધ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**(૩)** ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:-

**-: <u>મૌખિક પુરાવા</u>:-**

(૧) આંક-૧૯ થી ફરીયાદી શામજીભાઈ કોળચાભાઈ ભીલની જુબાની

(૨) આંક- ૨૧ થી ત.ક.અમલદાર કનકસીંહ હમીરસીંહની જુબાની

(૩) આંક- ૨૨ થી સાહેદ જયદીપસીંહ કુબેરસીંહ ડાભીની જુબાની

(૪) આંક– ૨૩ થી પંચ કિશન તુકારામ વસાવાની જુબાની

(૫) આંક– ૨૫ થી પંચ અશોક મનહર વસાવાની જુબાની

**<u>–:દસ્તાવેજી પુરાવા:–</u>**

(૧) આંક–૨૦ થી ફરીયાદ

(૨) આંક–૨૪ થી પંચનામુ

ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષે વધુ પુરાવો નહી આપવા માંગતા હોવાનું જણાવતા, આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ ૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ સરકારપક્ષે એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની વિગતવારની દલીલો સાંભળવામાં આવી.

**<u>–: મુદ્દા :–</u>**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ મોજે અંકલેશ્વર શહેર, ભાટવાડ પાસે આવેલ શિવ ગંગા એપાર્ટમેન્ટના પાર્કીંગમાં પોતાના કબજામાંની ઈકકો ફોરવ્હીલ ગાડી નં.**GJ-19-AM-8073** માં ગેરકાયદેસર પાસ પરમીટનો ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની સિગ્રામ્સ ઈમ્પરીયલ બ્લ્યુ સુપરી ઓર વ્હીસ્કી ૧૮૦ મીલીની કાચની કુલ બોટલ નંગ.૧૬૦ જેની કુલ કિં.રૂ.૧૬,૦૦૦/– નો પ્રોહી મુદામાલ તથા ઈકકો ફોરવ્હીલ ગાડી નં.**GJ-19-AM-8073** કિં.રૂ.૩,૦૦,૦૦૦/– તથા મોબાઈલ નંગ.૦૨ કિં.રૂ.૧૨,૦૦૦/અ મળી કુલ કિં.રૂ.૩,૨૮,૦૦૦/– નો મુદામાલ સાથે પકડાઈ જઈ તથા તોસીફ કુરેશી રહે.શીવગંગા એપાર્ટમેન્ટ, અંકલેશ્વર શહેર ભરૂચ પુરુ નામ સરનામુ જણાઈ આવેલ નથી તથા ઈકકો ફોરવ્હીલ ગાડી નં.**GJ-19-AM-8073** નો ચાલક જેનુ નામઠામ જણાઈ આવેલ નથી. નાઓ રેઈડ દરમ્યાન નાસી જઈ એકબીજાની મદદગારી કરી પ્રોહી.એકટ કલમ– ૬૫ (એ)(ઈ), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૪)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો ત્યાર પછીના આપેલ છે.

૧.નકારમાં,

૨.આખરી હુકમ મુજબ

## કા ર ણો

**(૫)** સદર કામે ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન અપાવવા માટે આંક-૧૯ થી ફરીયાદી શામજીભાઈ કોળચાભાઈ ભીલને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તારીખ ૦૮/૦૧/૨૦૨૩ના રોજ હુ તથા એએસઆઈ કનકસીંહ હમીરસીંહ તથા અન્ય પો.સ્ટા ના માણસો સાથે અંકલેશ્વર એ.ડીવી. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમીદારથી બાતમી મળેલ કે, અંકલેશ્વર શહેર પીરામણ નાકાથી ભાટવાડ તરફ જવાના રસ્તા ઉપર રોશની હોટલથી આગળ શીવગંગા એપાર્ટમેન્ટના પાર્કીંગમાં એક ઈકો કારમાં ત્રણ ઈસમો ઈગ્લીંશ દારૂનો જથ્થો લઈને ઉભા છે. જે બાતમી આધારે ચૌટા નાકા પાસે આવી બે પંચોના માણસો નામે અશોક વસાવા તથા કીશન વસાવાને બોલાવી બાતમીવાળી જગ્યાએ જતા ત્રણ ઈસમો એક ઈકો કાર નંબર જી.જે ૧૯ એ એમ ૮૦૭૩ લઈને ઉભેલા હતા તેઓને પકડવા જતા ત્રણ ઈસમો પૈકી બે ભાગી ગયેલ તથા એક ઈસમ જે પકડાયેલ તેને સાથે સદર ગાડીમા તપાસ કરતા તેમાંથી વિમલના થેલામાં ભરેલ તથા સીટના બોકસમાં ભરેલ ૧૮૦ મીલીની કાચની બોટલો વિદેશી દારૂની સીગ્રામ્સ ઈમ્પીરીયલ બ્લુ સુપીરીયર ગ્રેઈન વિસ્કીની કુલ્લે ૧૬૦ નંગ મળી આવેલ તથા સદર ઈસમની અંગજડતી કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી એક ગ્રીન કલરનો વીવો કંપનીનો વાય ૨૨ મોડેલ મોબાઈલ મળી આવેલ જે કબજે કરવામાં આવેલ તથા સદર ઈસમનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેણે પોતાનુ જુબેર રીયાઝ ગુલામ રસુલ કુરેશી જણાવેલ તથા અન્ય ઈસમ બાબતે પુછતા એક ઈસમનુ નામ તેણે તોફીક કુરેશી જણાવેલ તથા અન્ય ઈસમનુ નામ તે જાણતો નથી તેવુ જણાવેલ સદર પકડાયેલ ઈસમ પાસે સદર પ્રોહી.નો મુદામાલ રાખવા બાબતેનું પાસ પરમીટ માંગતા નહિ હોવાનુ જણાવેલ અને સદર પકડાયેલ મુદામાલમાંથી નમૂનાની બોટલો કાઢી લઈ તેને સીલબંધ કરી કબજે કરવાની કાર્યવાહી કરવામાં આવેલ તથા પંચનામું કરવામાં આવેલ બનાવ અંગે મેં તમામ આરોપી વિરુદઘ પ્રોહી. એકટની વિવિધ કલમો અન્વયે ફરીયાદ કરેલી સદર ફરીયાદની ખરી નકલ મને કોર્ટ રેકર્ડમાંથી બતાવવામાં આવે છે. જેમા ફરીયાદી તરીકે મારી સહી છે. જે હું ઓળખુ છુ તેને રજુ દાખલ આંક-૨૦ આપવામાં આવે છે.

બચાવપક્ષે સદર ફરીયાદીની કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો, એ હકીકતનો

સ્વીકાર કરે છે કે, પેટ્રોલીંગમાં ગયેલા તે બાબતની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ નહી કે કયા વાહનમાં પેટ્રોલીંગમાં ગયેલા કે પેટ્રોલીંગ સરકારી વાહનમાં ગયેલા કે ખાનગી વાહનમાં ગયેલા તેનો કોઈ ઉલ્લેખ ફરીયાદમાં કરેલ નથી.

(૬) સદર કામે ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન અપાવવા માટે આંક– ૨૧ થી ત.ક.અમલદાર કનકસીંહ હમીરસીંહ ને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તારીખ ૦૮/૦૧/૨૦૨૩ના રોજ હુ શામજીભાઈ કોળચાભાઈ તથા અન્ય પો.સ્ટા.ના માણસો સાથે અંકલેશ્વર એ.ડીવી. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમીદારથી બાતમી મળેલ કે, અંકલેશ્વર શહેર પીરામણા નાકાથી ભાટવાડ તરફ જવાના રસ્તા ઉપર રોશની હોટલથી આગળ શીવગંગા એપાર્ટમેન્ટના પાર્કીંગમાં એક ઈકો કારમાં ત્રણ ઈસમો ઈંગ્લીંશ દારૂનો જથ્થો લઈને ઉભા છે. જે બાતમી આધારે ચૌટા નાકા પાસે આવી બે પંચોના માણસો નામે અશોક વસાવા તથા કીશન વસાવાને બોલાવી બાતમીવાળી જગ્યાએ જતા ત્રણ ઈસમો એક ઈકો કાર નંબર જી.જે ૧૯ એ.એમ.૮૦૭૩ લઈને ઉભેલા હતા તેઓને પકડવા જતા ત્રણ ઈસમો પૈકી બે ભાગી ગયેલ તથા એક ઈસમ જે પકડાયેલ તેને સાથે સદર ગાડીમા તપાસ કરતા તેમાંથી વિમલના થેલામાં ભરેલ તથા સીટના બોકસમાં ભરેલ ૧૮૦ મીલીની કાચની બોટલો વિદેશી દારૂની સીગ્રામ્સ ઈમ્પીરીયલ બ્લુ સુપીરીયર ગ્રેઈન વિસ્કીની કુલ્લે ૧૬૦ નંગ મળી આવેલ તથા સદર ઈસમની અંગજડતી કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી એક ગ્રીન કલરનો વીવો કંપનીનો વાય ૨૨ મોડેલ મોબાઈલ મળી આવેલ જે કબજે કરવામાં આવેલ તથા સદર ઈસમનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેણે પોતાનુ જુબેર રીયાઝ ગુલામ રસુલ કુરેશી જણાવેલ તથા અન્ય ઈસમ બાબતે પુછતા એક ઈસમનુ નામ તેણે તોફીક કુરેશી જણાવેલ તથા અન્ય ઈસમનુ નામ તે જાણતો નથી તેવુ જણાવેલ સદર પકડાયેલ ઈસમ પાસે સદર પ્રોહી.નો મુદામાલ રાખવા બાબતેનું પાસ પરમીટ માંગતા નહિ હોવાનુ જણાવેલ અને સદર પકડાયેલ મુદામાલમાંથી નમૂનાની બોટલો કાઢી લઈ તેને સીલબંધ કરી કબજે કરવાની કાર્યવાહી કરવામાં આવેલ તથા પંચનામું કરવામાં આવેલ બનાવ અંગે સાથેના પોલીસ કર્મચારી શામજીભાઈનાઓ ફરીયાદ કરેલી તથા તે આધારે પીએસઓએ અંકલેશ્વર શહેર પો.સ્ટે ખાતે ૩૯/૨૩થી ગુનો દાખલ કરેલો તથા આગળની તપાસ મને સોંપતા મે સાહેદોના નિવેદનો લઈ તથા બનાવ સ્થળેથી ભાગી ગયેલ

આરોપી નામે તોસીફ કુરેશી તથા હાવલાભાઈ વસાવાનાઓની અટક કરી પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલી

બચાવપક્ષે સદર ફરીયાદીની કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો, એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પેટ્રોલીંગમાં ગયેલા તે બાબતની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ નહી કે કયા વાહનમાં પેટ્રોલીંગમાં ગયેલા કે પેટ્રોલીંગ સરકારી વાહનમાં ગયેલા કે ખાનગી વાહનમાં ગયેલા તેનો કોઈ ઉલ્લેખ ફરીયાદમાં કરેલ નથી. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી કે આરોપીઓની ઓળખ પરેડ કરાવામાં આવી નથી કે એફએસએલનો રીપોર્ટ રજુ કરેલ નથી.

(૭) સદર કામે ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન અપાવવા માટે આંક- ૨૨ થી સાહેદ જયદીપસીંહ કુબેરસીંહ ડાભીને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તારીખ ૦૮/૦૧/૨૦૨૩ના રોજ હું તથા એ.એસ.આઇ કનકસીંહ હમીરસીંહ તથા અન્ય પો.સ્ટા.ના માણસો સાથે અંકલેશ્વર એ.ડીવી. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમીદારથી બાતમી મળેલ કે, અંકલેશ્વર શહેર પીરામણા નાકાથી ભાટવાડ તરફ જવાના રસ્તા ઉપર રોશની હોટલથી આગળ શીવગંગા એપાર્ટમેન્ટના પાર્કીંગમાં એક ઈકો કારમાં ત્રણ ઈસમો ઈંગ્લીંશ દારૂનો જથ્થો લઈને ઉભા છે. જે બાતમી આધારે ચૌટા નાકા પાસે આવી બે પંચોના માણસો નામે અશોક વસાવા તથા કીશન વસાવાને બોલાવી બાતમીવાળી જગ્યાએ જતા ત્રણ ઈસમો એક ઈકો કાર નંબર જી.જે ૧૯ એ એમ ૮૦૭૩ લઈને ઉભેલા હતા તેઓને પકડવા જતા ત્રણ ઈસમો પૈકી બે ભાગી ગયેલ તથા એક ઈસમ જે પકડાયેલ તેને સાથે સદર ગાડીમા તપાસ કરતા તેમાંથી વિમલના થેલામાં ભરેલ તથા સીટના બોકસમાં ભરેલ ૧૮૦ મીલીની કાચની બોટલો વિદેશી દારૂની સીગ્રામ્સ ઈમ્પીરીયલ બ્લુ સુપીરીયર ગ્રેઈન વિસ્કીની કુલ્લે ૧૬૦ નંગ મળી આવેલ તથા સદર ઈસમની અંગજડતી કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી એક ગ્રીન કલરનો વીવો કંપનીનો વાય ૨૨ મોડેલ મોબાઈલ મળી આવેલ જે કબજે કરવામાં આવેલ તથા સદર ઈસમનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેણે પોતાનુ જુબેર રીયાઝ ગુલામ રસુલ કુરેશી જણાવેલ તથા અન્ય ઈસમ બાબતે પુછતા એક ઈસમનુ નામ તેણે તોફીક કુરેશી જણાવેલ તથા અન્ય ઈસમનુ નામ તે જાણતો નથી તેવુ જણાવેલ સદર પકડાયેલ ઈસમ પાસે સદર પ્રોહી.નો મુદામાલ રાખવા બાબતેનું પાસ પરમીટ માંગતા નહિ હોવાનુ જણાવેલ અને સદર પકડાયેલ મુદામાલમાંથી નમૂનાની બોટલો

કાઢી લઈ તેને સીલબંધ કરી કબજે કરવાની કાર્યવાહી કરવામાં આવેલ તથા પંચનામું કરવામાં આવેલ બનાવ અંગે સાથેના પોલીસ કર્મચારી શામજીભાઈનાઓ ફરીયાદ કરેલી તથા ત.ક. અમલદારે મારુ નિવેદન લીધેલુ મેં તમામ આરોપી વિરુદધ પ્રોહી. એકટની વિવિધ કલમો અન્વયે ફરીયાદ કરેલી.

બચાવપક્ષે સદર ફરીયાદીની કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો, એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પેટ્રોલીંગમાં ગયેલા તે બાબતની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ નહી કે કયા વાહનમાં પેટ્રોલીંગમાં ગયેલા કે પેટ્રોલીંગ સરકારી વાહનમાં ગયેલા કે ખાનગી વાહનમાં ગયેલા તેનો કોઈ ઉલ્લેખ ફરીયાદમાં કરેલ નથી.

(૮) સદર કામે ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન અપાવવા માટે આંક– ૨૩ થી પંચ કિશન તુકારામ વસાવા તથા આંક– ૨૫ થી પંચ અશોક મનહર વસાવાને તપાસેલ છે, જેઓને આંક–૨૪ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પંચ નંબર ૧ અને ૨ તરીકે તેઓની સહી છે તે ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક–૨૪ આપવામાં આવે છે.

બચાવપક્ષે સદર સાહેદોની કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ જાત માહીતી નથી. જે પંચનામામાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. જે પંચનામાને આ કામે દાખલ આંક–૨૪ થી રજુ કરવામાં આવેલ છે.

(૯) ફરીયાદપક્ષ ધ્વારા રજુ થયેલ તમામ પુરાવો સંયુકત રીતે વંચાણે લઈએ તો એ હકીકત ફલીત થઈ આવે છે કે, પંચ સાહેદોએ અદાલત સમક્ષના પુરાવામાં આરોપી પાસેથી મુદ્દામાલ મળી આવ્યાની હકીકતનો ઈન્કાર કરી પંચનામાની કોઈ હકીકતને સમર્થન આપેલ નથી અને પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધાનું જણાવેલ છે. પંચનામાની હકીકત બાબતે કઈ જાણતા નથી તેમ જણાવે છે અને ફરીયાદપક્ષ ઉલટ તપાસમાંથી મહત્વની કોઈ પંચનામુ પુરવાર થવા અંગેની હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. ફરીયાદી, પોલીસ સાહેદ તથા ત.ક.અમલદારે અદાલત સમક્ષ પોતાની જુબાની આપી ફરીયાદપક્ષને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાનું સમર્થન નથી.

આમ, પોલીસ સાહેદો તથા ત.ક.અમલદાર જે પોલીસના માણસ હોઈ સ્વાભાવિક રીતે જ પોતાનો કેસ પુરવાર કરવામાં રસ હોઈ શકે પરંતુ તેઓની જુબાનીને આ કામે તપાસવામાં

આવેલ સ્વતંત્ર પંચસાહેદની જુબાનીને સમર્થન મળેલ નથી. આમ ફરીયાદપક્ષ આ કામે જુબાનીથી ફરીયાદ હકીકત પુરવાર કરી શકેલ ન હોય પોલીસ સાહેદો તથા ત.ક.અમલદાર કે જેઓ પોલીસના માણસો છે અને હીત ધરાવનાર સાહેદો છે તેઓની એકલાની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**(૧૦)** હાલના કેસના ન્યાયીક નિર્ણયો સારૂ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ કેટલાક ચુકાદાઓ જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે જે ધ્યાને લેવા મહત્વપુર્ણ બની રહેશે.

નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ધીરજલાલ ગાંડાભાઈ વિ.સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં કે જે ૧૯૯૧ (૧) જીએલઆર ૪૩૩ થી પ્રસિધ્ધ થયેલ છે. જેમાં પ્રસ્થાપિત કરેલ છે કે જો બોટલોને પંચોની સહીઓ સાથે સીલ કરવામાં આવી ન હોય અને પંચોનો પુરાવો દારૂ મળી આવેલ તેવા ફરીયાદપક્ષના પુરાવાને સમર્થન આપતો ન હોય તેવા કિસ્સામાં પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ) અન્વયે દારૂના કબજા અંગેની ધારણા ઉત્પન્ન કરી શકાય નહીં.

**(૧૧)** નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લઈ હાલના કેસની હકીકતોને ચર્ચા કરવામાં આવે તો આ કામે આરોપી પાસેથી મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ હોય તેવી ફરીયાદપક્ષની હકીકતોને સ્વતંત્ર પંચસાહેદો સમર્થન આપતા નથી. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનુ સેમ્પલ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ સારૂ મોકલેલ તેનો કોઈ રીપોર્ટ રજુ કરેલ નથી કે સદર મુદ્દામાલ બોટલો ઉપર જે ઉત્પાદક કંપનીના બ્રાન્ડ કે લેબલ હતા તે કંપનીના માણસોનો કોઈ જવાબ લીધેલ નથી. તેમજ આ કામે કબજે કરવામાં આવેલ દારૂની બોટલો ઉપર જે લેબલો લાગેલા હતા તે જ કંપનીની આ દારૂની બોટલો હતી તે હકીકત દર્શાવતો કોઈ સ્વતંત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. ફરીયાદપક્ષે કોર્ટ સમક્ષ આવા કોઈ કંપનીના અધિકારીને તપાસેલા નથી. તેવા સંજોગોમાં આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ બોટલોમાં વિદેશી દારૂ જ હતો તેવી હકીકત માની શકાય નહીં અને તે સંજોગોમાં આ કામના આરોપીઓના કબજામાં દારૂ જ હતો એવુ માની શકાય નહીં.

**(૧૨)** તેમજ સામાન્ય સંજોગોમાં પ્રોહીબીશન વિગેરે જેવા કેસમાં સૌ પ્રથમ રેઈડ કરવામાં આવે છે

અને તે રેઈડ દરમ્યાન ગુનો થતો ફલીત થતુ હોય તો તે અંગેનુ પંચનામુ કરી લઈ તેના આધારે ફરીયાદ આપવામાં આવે છે. એટલે કે આવા કેસમાં પંચનામુ એ પાયાનો પુરાવો બને અને ફરીયાદપક્ષનો આધાર આ પંચનામા ઉપર રહે છે એટલેકે ફરીયાદપક્ષે પંચનામુ સાબિત કરવુ જોઈએ જો ફરીયાદપક્ષ પંચનામુ સાબિત કરવામાં નિષ્ફળ જાય તો પંચનામાના આધારે કરવામાં આવેલી ફરીયાદને પુરતુ સમર્થન મળી રહેતુ હોય તો પણ પંચનામા જેવો પુરાવો સાબિત ના થયો હોય તો તે ફરીયાદનુ કોઈ પુરાવાકીય મુલ્ય રહેતુ નથી. હાથ પરના કેસમાં પણ પંચનામાના સાહેદો ફરી ગયેલ હોય ફરીયાદ કે ફરીયાદપક્ષના પોલીસ સાહેદના પુરાવાનુ પુરાવાકીય મુલ્ય ઉપસ્થિત થતુ નથી.

(૧૩) વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે **નાસીર સિકંદર શેખ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ૨૦૦૫ ક્રિમીનલ લો જનરલ પાના નં.૨૬૧૧** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, તહોમતદાર સામે આક્ષેપાયેલ ગુનાની તમામ હકીકતનો ફરીયાદપક્ષે સબળ પુરાવાથી પુરવાર કરવાની રહે છે અને જો ફરીયાદપક્ષ કોઈપણ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો તે ગુનામાં તહોમતદારને સજા થઈ શકે નહીં. જયારે હાલના કેસમાં પણ ફરીયાદપક્ષ તરફે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ ફરીયાદપક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી તેવા સંજોગોમાં મુદ્દા નં–૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં–૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

૧. આ કામના આરોપી**(૧) જુબેર રિયાઝ હુશેન કુરેશી** રહે.ભઠીયારવાડ, કુંઝરી ગલી, ઈમામશાબ મસ્જીદ પાસે તા.જી.ભરૂચ **(૨) તોસીફ અલ્તાફ હુશેન કુરેશી** રહે.એ–૩, શીવગંગા એપાર્ટમેન્ટ, આર્દશ સ્કુલ સામે, તા.અંકલેશ્વર, જી.ભરૂચ **(૩) હાવલાભાઈ શંકરભાઈ વસાવા** રહે.નેવડી આંબા, પીપળી ફળીયુ, તા.સાગબારા, જી.નર્મદા. નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮ (૧) અન્વયે પ્રોહી.એકટની કલમ ૬૫ (એ)(ઈ), ૯૮(૨), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨.  ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન જામીનખત આખરી હુકમ વિરૂધ્ધ જો અપીલ કોર્ટમાં અપીલ દાખલ થાય તેવા સંજોગોમાં હાલના આરોપી એ અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે ૬ માસની સમયમર્યાદા માટે આરોપીના જામીનખત તથા જતમુચરકા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩.  મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ વિદેશી દારૂનો અપીલ સમય વીત્યેથી નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ બાકીના મુદામાલ અંગે અગાઉ જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમ ગણવો અન્યથા અપીલ સમય વિત્યાબાદ નિયમોનુસાર નિકાલ કરવો.

હુકમ આજરોજ તારીખ ૧૧મી, માહે મે , ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૫/૨૦૨૬
અંકલેશ્વર.

**(યોગેશ નરેન્દ્રકુમાર પટેલ)**
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અંકલેશ્વર.
કોડ નં. GJ00664

(Guj Steno: P.J.Panara)